




**IPL 2026** આજની મેચ

| | | | |
|---|---|---|---|
| DC Vs PBKS | સમય: સાંજે 3:30 વાગ્યે | સ્થળ: દિલ્હી |
| RR Vs SRH | સમય: સાંજે 7:30 વાગ્યે | સ્થળ: જયપુર |

| ટીમ | મેચ | જીત | હાર | રદ | પોઇન્ટ | નેટ રન |
|---|---|---|---|---|---|---|
| PBKS | 6 | 5 | 0 | 1 | 11 | 1.420 |
| RCB | 7 | 5 | 2 | 0 | 10 | 1.101 |
| RR | 7 | 5 | 2 | 0 | 10 | 0.790 |
| SRH | 7 | 4 | 3 | 0 | 8 | 0.820 |
| CSK | 7 | 3 | 4 | 0 | 6 | -0.118 |
| DC | 6 | 3 | 3 | 0 | 6 | -0.130 |
| GT | 7 | 3 | 4 | 0 | 6 | -0.790 |
| MI | 7 | 2 | 5 | 0 | 4 | 0.736 |
| LSG | 7 | 2 | 5 | 0 | 4 | -1.277 |
| KKR | 7 | 1 | 5 | 1 | 3 | -0.879 |

## દિલ્હી કેપિટલ્સ સામે આજે અજેય પંજાબ કિંગ્સનો આકરો પડકાર

**બપોરે** 3.30 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર



નવી દિલ્હી, તા. 24 : આઈપીએલમાં આવતીકાલે શનિવારે ડબલ હેડરની પહેલી મેચમાં જ્યારે ટેબલ-ટોપર્સ પંજાબ કિંગ્સ સામે દિલ્હી કેપિટલ્સ મેદાને ઉતરશે ત્યારે પોતાના અભિયાનને પાટા પર લાવવા માટે તેણે પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કરવું પડશે. પાછલી મેચમાં સનરાઈઝર્સ હૈદરાબાદ સામે 47 રનથી હારનારી દિલ્હી કેપિટલ્સે પડકારજનક વાપસીનો સામનો કરવો પડશે, જેમાં તેના મોટાભાગના ખેલાડીઓએ એક જૂથમાં સારું પ્રદર્શન કરવું પડશે.

દિલ્હી હાલમાં છ મેચમાં ત્રણ જીત અને ત્રણ હાર સાથે પોઈન્ટ ટેબલમાં છઠ્ઠા સ્થાને છે, જ્યારે પંજાબ કિંગ્સ છ મેચમાં 11 પોઈન્ટ સાથે ટોચ પર છે. કોલકાતામાં વરસાદને કારણે રદ થયેલી મેચમાં તેમણે એકમાત્ર પોઈન્ટ ગુમાવવો પડ્યો હતો. દિલ્હીની સૌથી મોટી સમસ્યા તેમની બેટિંગ અસ્થિરતા રહી છે. કેએલ રાહુલ, ડેવિડ મિલર, ટ્રિસ્ટન સ્ટબ્સ અને સમીર રિઝવીએ કેટલીક ઈનિંગ્સમાં યોગદાન આપ્યું છે, પરંતુ સમગ્ર ટીમ એકરૂપ પ્રદર્શન કરવામાં નિષ્ફળ ગઈ છે. ઓપનર પથુમ નિસાન્કા શરૂઆતને મોટા સ્કોરમાં રૂપાંતરિત કરવામાં નિષ્ફળ રહ્યો છે, જેના કારણે મધ્યમ ક્રમ પર દબાણ આવ્યું છે.

કેપ્ટન અક્ષર પટેલ બેટિંગ અને રણનીતિ બંનેમાં વધુ જવાબદારી લેવાની અપેક્ષા રખાઇ રહી છે. છેલ્લી મેચમાં ખાસ કરીને બોલિંગમાં ફેરફાર સહિતના તેના કેટલાક નિર્ણયો પર પણ પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો છે.

# RCBએ ગુજરાત ટાઇટન્સને પાંચ વિકેટે હરાવ્યું

**સુદર્શનની** સદી અને ગીલ સાથેની તેની શતકીય ભાગીદારીથી ગુજરાતે 205 રન બનાવ્યા

**કોહલી** અને પડીક્લ વચ્ચેની શતકીય ભાગીદારીથી RCBએ 18.5 ઓવરમાં લક્ષ્યાંક આંબ્યો



બેંગલુરુ, 24 એપ્રિલ (PTI): આઈપીએલમાં આજે શુક્રવારે અહીં રમાયેલી એક મેચમાં સાઈ સુદર્શનની શાનદાર શતકીય ઈનિંગ અને શુભમન ગીલ સાથેની તેની શતકીય ભાગીદારીથી ગુજરાત ટાઇટન્સે 205 રન બનાવીને મૂકેલા 206 રનના લક્ષ્યાંકને વિરાટ કોહલી અને દેવદત્ત પડીકલની અર્ધસદી તેમજ બંને વચ્ચેની શતકીય ભાગીદારીથી રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે 18.5 ઓવરમાં પાંચ વિકેટે લક્ષ્યાંક આંબીને મેચ જીતી લીધી હતી.

લક્ષ્યાંક આંબવા મેદાને ઉતરેલી આરસીબી વતી આ સિઝનની પહેલી મેચ રમનાર જેકબ બેથલ ઝાઝુ કંઈ કરી શક્યો નહોતો. જો કે કોહલી અને પડીક્લે તે પછી 115 રનની ભાગીકારી કરીને આરસીબીના રનચેઝને ટ્રેક પર રાખ્યો હતો. આ જીતની સાથે આરસીબી પોઈન્ટ ટેબલમાં બીજા સ્થાને પહોંચી ગયું હતું. આ પહેલા સુદર્શનની સદી સિવાય ગુજરાતની ઈનિંગમાં બીજુ કંઈ નોંધપાત્ર રહ્યું નહોતું. તેની વિદાય બાદ આરસીબીએ ડેથ ઓવર્સમાં થોડું નિયંત્રણ મેળવ્યું હતું. જેસન હોલ્ડરના ટૂંકા કેમિયોને કારણે સ્કોર 200ને પાર થયો હતો.

| ગુજરાત ટાઇટન્સ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| સુદર્શન કોએન્ડબો.હેઝલવુડ | 100 | 58 | 11 | 5 |
| ગીલ કો.પડીક્લ બો.સુયશ | 32 | 24 | 2 | 1 |
| બટલર કો.હેઝલવુડ બો.ભુવનેશ્વર | 25 | 16 | 2 | 1 |
| સુંદર નોટઆઉટ | 19 | 12 | 1 | 1 |
| હોલ્ડર નોટઆઉટ | 23 | 10 | 1 | 2 |
| વધારાના | 6 | | | |
| કુલ (20 ઓવરમાં ત્રણ વિકેટે) | 205 | | | |

**વિકેટપતન :** 1/128, 2/160, 3/177

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| ભુવનેશ્વર કુમાર | 4 | 0 | 31 | 1 |
| જોશ હેઝલવુડ | 4 | 0 | 40 | 1 |
| રસિક સલામ | 3 | 0 | 28 | 0 |
| કૃણાલ પંડ્યા | 4 | 0 | 50 | 0 |
| રોમારિયો શેફર્ડ | 1 | 0 | 17 | 0 |
| સુયશ શર્મા | 4 | 0 | 36 | 1 |

| રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| બેથલ કો.શાહરૂખ બો.સિરાજ | 14 | 10 | 3 | 0 |
| કોહલી બો.હોલ્ડર | 81 | 44 | 8 | 4 |
| પડીક્લ બો.રાશિદ | 55 | 27 | 2 | 6 |
| પાટીદાર કો.સુંદર બો.માનવ | 8 | 5 | 0 | 1 |
| જીતેશ કો.માનવ બો.રાશિદ | 10 | 6 | 1 | 1 |
| ડેવિડ નોટઆઉટ | 10 | 9 | 0 | 1 |
| કૃણાલ નોટઆઉટ | 23 | 12 | 3 | 1 |
| વધારાના | 5 | | | |
| કુલ (18.5 ઓવરમાં પાંચ વિકેટે) | 206 | | | |

**વિકેટપતન :** 1/26, 2/141, 3/154, 4/171, 5/173

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| મહંમદ સિરાજ | 3 | 0 | 25 | 1 |
| કગિસો રબાડા | 4 | 0 | 45 | 0 |
| જેસન હોલ્ડર | 3.5 | 0 | 35 | 1 |
| પ્રસિદ્ધ કૃષ્ણા | 2 | 0 | 31 | 0 |
| રાશિદ ખાન | 4 | 0 | 49 | 2 |
| માનવ સુથાર | 2 | 0 | 19 | 1 |

### સાઇ સુદર્શને સૌથી ઓછી ઇનિંગ્સમાં 2000 IPL રનનો ક્રિસ ગેલનો રેકોર્ડ તોડ્યો

બેગલુરુ, તા. 24 : અહીંના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં આજે ગુજરાત ટાઇટન્સના યુવા ઓપનિંગ બેટ્સમેન સાઇ સુદર્શને શાનદાર સદી ફટકારીને ઇનિંગ્સની દૃષ્ટિએ સૌથી ઝડપી 2000 આઇપીએલ રન કરવાનો દિગ્ગજ ક્રિસ ગેલનો લાંબા સમયથી ચાલતો રેકોર્ડ તોડ્યો હતો. સુદર્શને 2,000 આઇપીએલ રન પૂરા કરવા માટે ફક્ત 47 ઇનિંગ્સ લીધી છે. જ્યારે ગેલે 48 ઇનિંગ્સમાં આ સીમાચિહ્ન હાંસલ કર્યો હતો. શોન માર્શ 52 ઇનિંગ્સ સાથે ત્રીજા ક્રમે છે.

**IPLમાં ઇનિંગ્સની દૃષ્ટિએ સૌથી ઝડપી 2000 રન**

| ખેલાડી | ઇનિંગ્સ |
|---|---|
| સાઇ સુદર્શન | 47 |
| ક્રિસ ગેલ | 48 |
| શોન માર્શ | 52 |
| ઋતુરાજ ગાયકવાડ | 57 |
| કેએલ રાહુલ | 60 |

### કોહલી IPLમાં 800 ચોગ્ગા ફટકારનાર પ્રથમ ખેલાડી, 300 છગ્ગા પૂરા કરનાર ત્રીજો ખેલાડી



વિરાટ કોહલીએ આજે બેંગલુરુમાં ગુજરાત ટાઇટન્સ સામેની મેચમાં શૂન્ય રને મળેલા જીવતદાનનો યોગ્ય ઉપયોગ કરીને એક નહીં પણ બે સિદ્ધિ પોતાના નામે કરી હતી. તેણે પોતાની ઇનિંગનો પહેલો ચોગ્ગો ફટકાર્યો તેની સાથે જ તે આઇપીએલમાં 800 ચોગ્ગા ફટકારનાર પ્રથમ બેટ્સમેન બન્યો હતો. તે પછી તેણે પોતાની ઇનિંગમાં એક છગ્ગો ફટકાર્યો તેની સાથે જ તે આઇપીએલમાં 300 છગ્ગા ફટકારનાર આઇપીએલ ઇતિહાસનો ક્રિસ ગેલ અને રોહિત શર્મા પછી માત્ર ત્રીજો ખેલાડી બન્યો હતો. કોહલી 81 રને આઉટ થતાં તે આઇપીએલ ઇતિહાસનો પહેલો નવ હજારી ખેલાડી બનવાથી માત્ર 11 રન છેટો રહી ગયો હતો.

**IPLમા સૌથી વધુ છગ્ગા અને ચોગ્ગા ફટકારનાર ખેલાડી**

| ખેલાડી | મેચ | રન | 100 | 6 | 4 |
|---|---|---|---|---|---|
| ક્રિસ ગેલ | 142 | 4965 | 6 | 357 | 404 |
| રોહિત શર્મા | 276 | 7183 | 2 | 310 | 653 |
| વિરાટ કોહલી | 274 | 8989 | 8 | 807 | 303 |
| એમએસ ધોની | 278 | 5439 | 0 | 264 | 375 |
| એબી ડિવિલિયર્સ | 184 | 5162 | 3 | 251 | 413 |

## SRH સામે આજે હોમ ગ્રાઉન્ડનો રાજસ્થાન લાભ લેવા માગશે

**સાંજે** 7.30 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર



જયપુર, તા. 24 (પીટીઆઈ) : આઈપીએલમાં આવતીકાલે શનિવારે અહીં સનરાઈઝર્સ હૈદરાબાદ સામે રમાનારી મેચમાં રાજસ્થાન રોયલ્સ ઘરઆંગણે પોતાનું વર્ચસ્વ જાળવી રાખીને અગાઉના મુકાબલામાં મળેલી હારનો બદલો વાળવાનો પ્રયાસ કરશે. આ મેચ આઈપીએલના આ તબક્કામાં મહત્વપૂર્ણ માનવામાં આવે છે, જ્યાં બંને ટીમો મહત્વપૂર્ણ પોઈન્ટ મેળવવાનો પ્રયાસ કરશે. પ્રફુલ હિંગે અને શાકિબ હુસૈનની ઉત્તમ બોલિંગને કારણે 13 એપ્રિલના રોજ સનરાઈઝર્સ હૈદરાબાદે રાજસ્થાનને 57 રનથી હરાવ્યું હતું. રોયલ્સે લખનૌ સુપર જાયન્ટ્સ પર 40 રનથી વિજય મેળવીને તે હારમાંથી બહાર નીકળ્યું છે. તેઓ પોઈન્ટ ટેબલમાં બીજા સ્થાને છે. સનરાઈઝર્સ હૈદરાબાદ આ સિઝનમાં ઉતાર-ચઢાવનો અનુભવ કરી ચુક્યું છે, અને ચોથા સ્થાને રહ્યું છે, પરંતુ તેમની આક્રમક બેટિંગ કોઈપણ ટીમ માટે ખતરો બની રહે છે. બંને ટીમો વચ્ચે રમાયેલી છેલ્લી મેચમાં રોયલ્સે દરેક વિભાગમાં સંઘર્ષ કર્યો હતો, અને ટીમ આ વખતે યોગ્ય જવાબ આપવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે. સનરાઈઝર્સની બેટિંગ તાકાત તેમના ટોપ ઓર્ડરમાં રહેલી છે, જ્યાં ઈશાન કિશન અને હેનરિક ક્લાસેન પહેલાથી જ ઘણી વખત વિસ્ફોટક પ્રદર્શન કરી ચૂક્યા છે. તાજેતરમાં દિલ્હી કેપિટલ્સ સામે સદી ફટકારનારા અભિષેક શર્મા અને ટ્રેવિસ હેડ પણ ઝડપી શરૂઆત આપવાનો પ્રયાસ કરશે.

### સચિન તેંદુલકરે ચાહકો સાથે પોતાના ઘરે જન્મદિવસ ઉજવ્યો





ભારતના દિગ્ગજ ક્રિકેટર સચિન તેંદુલકરે શુક્રવારે પોતાના ઘરે પરિવાર અને વિવિધ વય જૂથોના ચાહકોની હાજરીમાં 53મો જન્મદિવસ ઉજવ્યો. આ પ્રસંગે તેની સાથે તેમના પત્ની અંજલિ પણ હાજર હતી. 'માસ્ટર બ્લાસ્ટર' સચિને તેમના નિવાસસ્થાને એકઠા થયેલા ચાહકોના તાળીઓના ગડગડાટ અને ઉત્સાહ વચ્ચે કેક કાપી. સચિન તેંદુલકરે સોશિયલ મીડિયા પર પોતાની માતા અને પત્ની અંજલિ સાથેનો એક ફોટો શેર કર્યો. કેપ્શનમાં સચિને લખ્યું, 'માતા, અંજલિ અને ટ્રબલ મેકર સાથે મારા દિવસની એક સંપૂર્ણ શરૂઆત! એક માણસ આનાથી વધુ શું માંગી શકે?'

### ન્યૂઝીલેન્ડની માજી કેપ્ટન સુઝી બેટ્સ ટી-20 વર્લ્ડકપ પછી નિવૃત્તિ લેશે

**સુઝી** બેટ્સે 181 વન ડે અને 181 ટી-20માં કુલ 14 સદી સાથે 10,000થી વધુ રન બનાવવા ઉપરાંત 145 વિકેટ લીધી છે

વેલિંગ્ટન, તા. 24 : ન્યુઝીલેન્ડની દિગ્ગજ ખેલાડી સુઝી બેટ્સે મહિલા ટી-20 વર્લ્ડકપ પછી ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય લીધો છે. વર્લ્ડકપ 12 જૂનથી ઈંગ્લેન્ડ અને વેલ્સમાં શરૂ થશે. ન્યુઝીલેન્ડ ક્રિકેટે સુઝી બેટ્સને એવું કહેતા ટાંકીને હતી કે મારા બધા સાથી ખેલાડીઓ અને કોચ પ્રત્યે કૃતજ્ઞતા શબ્દોમાં વ્યક્ત કરી શકાતી નથી. મારું એક જ અંતિમ મિશન છે : યુકે જવું, એક એવી જગ્યા જ્યાં મારી પાસે ઘણી બધી ખાસ યાદો છે અને બીજો વર્લ્ડકપ જીતવો. 2006માં ભારત સામેની મેચથી ડેબ્યુ કરનાર બેટ્સે પોતાની કેરિયરમાં 181 વનડે અને 181 ટી-20 ઈન્ટરનેશનલ મેચ રમીને વનડેમાં 5964 રન અને ટી-20 ઈન્ટરનેશનલમાં 4717 રન બનાવ્યા છે. બેટ્સે તમામ ફોર્મેટમાં 14 સદી ફટકારી છે અને 145 વિકેટ ઝડપી છે. બેટ્સે 2011 થી 2018 દરમિયાન ન્યુઝીલેન્ડની કેપ્ટનશીપ પણ કરી હતી.

## થોમસ કપમાં ભારતે કેનેડાને હરાવ્યું, ઉબેર કપમાં ડેન્માર્ક સામે હાર્યુ

**સિંગલ્સમાં** લક્ષ્ય હાર્યો પણ આયુષ, શ્રીકાંત જીત્યા, ડબલ્સમાં સાત્વિક-ચિરાગ અને હરિહરન-અર્જુનની જોડી જીતી

**સિંધુએ** પહેલી મેચ જીતી ભારતને સરસાઇ અપાવી પણ તે પછી ઉન્નતી, તન્વી તેમજ ડબલ્સમાં શ્રુતિ-પ્રિયા હારી



હોર્સન્સ (ડેનમાર્ક), તા. 24 (પીટીઆઈ) : ભારતે શુક્રવારે અહીં થોમસ કપ ફાઈનલ્સના તેમના પ્રથમ ગ્રુપ A મેચમાં લક્ષ્ય સેનની આકરી હાર સાથે આયુષ શેટ્ટી અને સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની ડબલ્સ જોડીની જીતને પગલે કેનેડા સામે 4-1થી શાનદાર જીત નોંધાવી હતી. જો કે ઉબેર કપ ફાઈનલ્સમાં ભારતીય મહિલા ટીમ માટે નિરાશાજનક શરૂઆત રહી છે. ગ્રુપ A ના પોતાના પ્રથમ મુકાબલામાં ભારત યજમાન ડેનમાર્ક સામે 2-3 થી હારી ગયું હતું.

શાનદાર પ્રયાસ છતાં, લક્ષ્ય સેન વિશ્વના 13મા ક્રમાંકિત ખેલાડી વિક્ટર લાઈ સામે 18-21, 21-19, 21-10થી હારી ગયો. સાત્વિક અને ચિરાગની વિશ્વની ચોથી નંબરની જોડીએ જોનાથન બિંગ ત્સાન લાઈ અને કેવિન લીને 21-10, 21-11થી હરાવીને મેચ 1-1 થી બરાબર કરી. તાજેતરમાં એશિયન ચેમ્પિયનશિપમાં રનર-અપ રહેલા 20 વર્ષીય આયુષે ત્યારબાદ વિશ્વના 33 ક્રમાંકિત બ્રાયન યાંગને 39 મિનિટમાં 21-13, 21-17 થી હરાવીને ભારતને 2-1 ની સરસાઇ અપાવી.

હરિહરન અમસાકરુનન અને એમ આર અર્જુનની બીજી ડબલ્સ જોડીએ ટાય એલેક્ઝાન્ડર લિન્ડેમેન અને નાઇલ યાકુરા પર 21-7, 21-15 થી શાનદાર જીત મેળવીને ભારતની જીત પર મહોર લગાવી. કિદામ્બી શ્રીકાંતે પાંચમી અને એકમાત્ર ઔપચારિકતા મેચમાં વિશ્વના 77મા ક્રમાંકિત ખેલાડી જોશુઆ ન્યુએનને 21-17, 21-12થી હરાવ્યો.

ઉબેર કપમાં પી.વી. સિંધુએ ડેનમાર્કની લાઈન ક્રિસ્ટોફરસન સામે 21-13, 18-21, 21-17 થી રસાકસીભરી જીત મેળવી ભારતને સરસાઇ અપાવી હતી. તે પછી વર્લ્ડ નંબર 3 ઉન્નતિ હુડા લાઈન હોજમાર્ક સામે 12-21, 23-25 થી હારી ગઈ હતી. અન્ય સિંગલ્સમાં તન્વી શર્માએ પ્રથમ ગેમ જીત્યા હોવા છતાં અમાલી શુલ્ત્ઝ સામે 21-19, 16-21, 16-21 થી હારતા ભારત 1-2 થી પાછળ ફેંકાયું હતું. તે પછી જીતવા માટે અનિવાર્ય એવી ડબલ્સ મેચમાં શ્રુતિ મિશ્રા અને પ્રિયા કોનજેંગબમની જોડી બે મેચ પોઈન્ટ ચૂકી ગઈ અને 17-21, 21-11, 21-23 થી હારતા ડેન્માર્કે અજેય સરસાઇ મેળવી. છેલ્લી બિન-મહત્વની મેચમાં, ડેનમાર્કની જોડીએ મેચ અધવચ્ચેથી છોડતા તનિષા ક્રાસ્ટો અને પી.વી. સિંધુની જોડી વિજેતા જાહેર થઈ હતી.

### BCBએ મુસ્તફિઝુરને PSL માટે આપેલું NOC પાછું ખેંચ્યું

ચિત્તાગોંગ, તા. 24 (પીટીઆઈ) : બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (બીસીબી)એ ઝડપી બોલર મુસ્તફિઝુર રહેમાનને પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ) 2026માં રમવા માટે આપવામાં આવેલું નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ (એનઓસી) પાછું ખેંચી લીધું છે. ન્યુઝીલેન્ડ સામેની ત્રીજી વનડે મેચ પછી તેમની તબીબી સમીક્ષાના આધારે આ નિર્ણય લેવામાં આવ્યો હતો. બીસીબીએ ગુરુવારે એક નિવેદનમાં જણાવાયું કે ન્યુઝીલેન્ડ સામેની ત્રીજી વન ડેના સમાપન પછી, ટીમના મેડિકલ સ્ટાફે મુસ્તફિઝુર રહેમાનની સ્થિતિની સમીક્ષા કરી છે. વધુ મૂલ્યાંકન માટે તેમનું તાત્કાલિક સ્કેન કરવામાં આવશે, ત્યારબાદ તે બીસીબી મેડિકલ ટીમની દેખરેખ હેઠળ પુનર્વસન કાર્યક્રમ શરૂ કરશે. મુસ્તફિઝુરને અગાઉ આપવામાં આવેલ NOC પાછું ખેંચી લેવામાં આવ્યું છે. તેથી, તે PSL 2026 ની બાકીની મેચોમાં ભાગ લઈ શકશે નહીં.

### કિવી બોલર ડગ બ્રેસવેલ પર કોકેન સેવન બદલ કાઉન્ટી ક્રિકેટમાં બે વર્ષનો પ્રતિબંધ

ચેમ્સફોર્ડ, તા. 24 : ન્યુઝીલેન્ડ ક્રિકેટ ટીમના માજી ઝડપી બોલર ડગ બ્રેસવેલનો કોકેનનો ટેસ્ટ બીજી વખત પોઝિટિવ આવ્યા બાદ તેમને કાઉન્ટી ક્રિકેટમાંથી પ્રતિબંધિત કરવામાં આવ્યો હતો. સપ્ટેમ્બર 2025 માં એક મેચ દરમિયાન ઉલ્લંઘન બદલ ઈંગ્લેન્ડ ક્રિકેટ બોર્ડ (ઇસિબી) ના ક્રિકેટ નિયમનકાર દ્વારા ક્રિકેટરને બે વર્ષનો સસ્પેન્શન આપવામાં આવ્યું હતું. 25 સપ્ટેમ્બરના રોજ ચેમ્સફોર્ડમાં એસેક્સ કાઉન્ટી ક્રિકેટ ક્લબ અને સમરસેટ કાઉન્ટી ક્રિકેટ ક્લબ વચ્ચે ડિવિઝન વન મેચ દરમિયાન નમૂના લેવામાં આવ્યો હતો. અહેવાલો અનુસાર, લંડનમાં વર્લ્ડ એન્ટી-ડોપિંગ એજન્સી દ્વારા માન્યતા પ્રાપ્ત પ્રયોગશાળાએ કોકેનની હાજરીની પુષ્ટિ કરી હતી. બ્રેસવેલ પાસે ઉપચારાત્મક ઉપયોગ મુક્તિ નહોતી અને તેણે 24 સપ્ટેમ્બરની સાંજે અને 25 સપ્ટેમ્બરની વહેલી સવારે કોકેઈનનો ઉપયોગ કરવાની કબૂલાત પણ કરી હતી. તેની કબૂલાતથી ઇસીબી એન્ટી-ડોપિંગ કોડના કલમ 2.1 અને 2.2 ના ઉલ્લંઘનની પુષ્ટિ થઇ, જે પ્રતિબંધિત પદાર્થની હાજરી અને ઉપયોગ સાથે સંબંધિત છે. જો કે, તપાસ બાદ, અધિકારીઓએ તારણ કાઢ્યું કે બ્રેસવેલનો ઉપયોગ પ્રદર્શન વધારવાનો હેતુ નહોતો, પરંતુ શુદ્ધ પદાર્થના દુરૂપયોગનો કેસ હતો. બ્રેસવેલે આ પ્રતિબંધ સ્વીકારી લીધો છે, જેના કારણે ઔપચારિક સુનાવણીની જરૂરિયાત દૂર થઈ ગઈ છે.

### સુડોકુ ૭૦૭૬ - 'કૃતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૭ | ૫ | | | | ૧ |
| | | | ૯ | | ૬ | ૨ | | |
| | ૫ | ૨ | ૪ | ૧ | | ૮ | ૯ | ૭ |
| | ૭ | | | | ૪ | | ૩ | ૫ |
| | | ૫ | ૬ | ૩ | ૮ | | | ૯ |
| | | | | | | ૪ | | |
| | ૨ | | ૮ | | | | ૪ | ૬ |
| ૧ | | ૪ | | ૬ | ૯ | ૫ | ૭ | |
| | ૬ | ૭ | ૩ | ૪ | | ૯ | | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોકસ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોકસમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોકસમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



### દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

**શતપુષ્પા તેલ**

બહુ ઉપયોગી આ તેલ બનાવી ઘરમાં રાખવા જેવું છે. પાંચ કિલોગ્રામ નવા સૂવા, 12 લિટર પાણીમા ઉકાળવા. ત્રણ લિટર પાણી બાકી રહે ત્યારે ગાળી લઇ તેમાં ત્રણ કિલો તલનું તેલ અને 12 લિટર ગાયનું દૂધ નાંખી ઉકાળી તેલ સિદ્ધ કરી ગાળી ભરી લેવું. આ તેલ પીવામાં, માલિશમાં, બસ્તીમાં અને નસ્યમાં વાપરી શકાય. સુવાવડ પછી કરાતા માલિશ માટે આદર્શ છે.

### શબ્દગુંફન - ૭૨૦૪ અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**

૧. છત્રીવાળી અંબાડી (૫)
૫. તજી દીધેલું, વગરનું (૨)
૭. દુનિયા (૩)
૯. વેપાર (૩)
૧૧. પૃથ્વી, ધરતી (૨)
૧૨. મીઠું, ગળ્યું (૩)
૧૩. ખેરનું ઝાડ (૨)
૧૪. શંકા, વહેમ (૨)
૧૫. એક સૂકો મેવો (૩)
૧૭. પાછું (૩)
૧૮. એક મોટી નદી (૨)
૧૯. પવન (૨)
૨૦. સિદ્ધ કરનારું (૩)
૨૧. સિંહ (૪)
૨૩. મસાલામાં વપરાતું નાનાં ગોળ દાણાવાળું તેજાનો (૨)
૨૪. એક મીઠી વાની (૨)
૨૫. દેહ, શરીર (૨)
૨૬. ભિડાતું, તાણેલું (૨)
૨૭. વલોપાત, સળવળાટ (૫)
૩૧. છુટ્ટી, પરવાનગી (૨)
૩૩. મહિલા, સ્ત્રી (૩)

**ઊભી ચાવી**

૨. ઊંઘ લાવે એવું ઔષધ (૩)
૩. નેતરની જાતનું ઘાસ (૨)
૪. વિક્રમ સંવતનો એક મહિનો (૨)
૬. નજર આગળથી ન ખસે એટલા પૂરતી કેદ (૫)
૭. સહેજ (૨)
૮. મીઠું (૩)
૯. મહેસૂલ, આમદાની (૩)
૧૦. શારીરિક ઈજા, ઘા (૩)
૧૧. સંતોષ (૪)
૧૪. સો શ્લોકવાળો ગ્રંથ (૪)
૧૬. પાલવ, છેડો (૩)
૧૮. કોતરકામ કરનાર (૫)
૧૯. પીડા, કંટાળો (૨)
૨૧. રીતભાત (૩)
૨૨. ''રઘુપતિ ...... રાજા રામ'' (૩)
૨૩. જંગલ, ઉજ્જડ પ્રદેશ (૨)
૨૫. કાંઠો, કિનારો (૨)
૨૮. વેલ (૨)
૨૯. રાતું, રંગીલો (૨)
૩૦. એક વાર (૨)
૩૨. ધાન્ય, અનાજ (૨)



### આજનું પંચાંગ

**તા. 25/04/2026, શનિવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1946
**વીર સંવત :** 2552 **માસ :** વૈશાખ **તિથિ:** સુદ નોમ : 18:24
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
**રાષ્ટ્રિય દિનાંક :** વૈશાખ : 05
**યોગ :** ગંડ **કરણ:** બાવલ
**નક્ષત્ર :** આશ્લેષા : 20:07 સુધીમાં જન્મેલાની આશ્લેષાની શાંતિ કરાવવી
**રાશિઃ** કર્ક (ડ, હ)) 20:07 પછી સિંહ (મ,ટ)
**દિવસ :** અશુભ : સીતા નવમી : હરિ જયંતી
**સુરતમાં સૂર્યોદય :** 06:14 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:59
**નવકારસી :** 07:02
**પારસી વર્ષ :** 1395 આદર માસનો 14મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447 જિલ્કાદ માસનો 07મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ
**રાત્રિનાં ચોઘડિયાં:** લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ
**રાહુ કાળ :** સવારે 09:03થી 11:00 સુધી

### આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** નવા કામ માટે બહાર ગામ કે પ્રવાસનું આયોજન થાય. માતા-પિતાનો સાથ ઘર, મકાન બાબતે મળે. ઘરમાં શાંતિ રહે.

**વૃષભ (બ,વ,ઉ,):** ઇચ્છિત કામમાં ગતિ આવે. પ્રવાસ શિક્ષણ લેખન ટેક્નોલોજી, દલાલી, ભાડા વગેરેના કામમાં આવક વધશે.

**મિથુન (ક,છ,ઘ,):** ઉઘરાણી આવી શકે છે. આવકના નવા સાધનો ઊભા થાય. સંતાનો માટે યોજના બને. ઘરમા તાલમેળ રહે.

**કર્ક (ડ,હ,):** જીવનસાથી, ભાગીદાર મિત્રો વગેરેનો સાથ મળે. સામાજિક પ્રતિષ્ઠા વધે. નોકરી ધંધા માટે યાત્રા પાર પડે.

**સિંહ (મ,ટ,):** આંખની કાળજી રાખવી. ગુપ્ત ભય સતાવે. ધર્મ કર્મ થાય. સરકારી યોજનાનો લાભ મળે. ખર્ચા વધશે.

**કન્યા (પ,ઠ,ણ,):** અચાનક સફળતા મળે. કોઇ ઇચ્છા કાર્યપાર પડે. ઇચ્છસ્ત મુલાકાત થાય. આવકના રસ્તા મળે.

**તુલા (ર,ત,):** વારસા અને મિલકત બાબતે પ્રગતિ થાય. નવા ધંધાનું આયોજન પાર પડે. ઉપરી વર્ગનો સાથ મળે.

**વૃશ્ચિક (ન,ય,):** પડવા વાગવાથી સંભાળવું. પ્રવાસમાં સાવધાની રાખવી. પારિવારિક પ્રશ્નો સતાવે. શુભ સમાચાર મળે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** આંખની કાળજી રાખવી. સરકારી યોજનાનો લાભ મળે. આવક વધે. હરીફોથી સાવધાન રહેવું.

**મકર (ખ,જ,):** ઉંમર લાયકના વિવાહ થાય. રોજની આવક વધે. સરકારી કામમાં પ્રગતિ થાય. શુભ સમાચાર મળે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** આરોગ્યનું ખાસ ધ્યાન રાખવું. કામનો બોજ વધે. નોકરીમાં નવી જવાબદારી વધે. ખર્ચા વધે.

**મીન (દ,ચ,ઝ,થ,):** ઇચ્છિત કામ પાર પડે. પરીક્ષામાં સફળતા મળે. આવક વધે. ઉચ્ચ કક્ષાના લોકોની મુલાકાત થાય.

### કોઈ પણ સાલમાં 25 એપ્રિલે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી-ધંધા વ્યવસાયમાં ડખલગીરી કાર્ય બોજ વધશે. દોડધામ જવાબદારી વધે. હરીફો સતાવે. આર્થિક રીતે ચડતી પડતી રહે. સમાજમાં સામાન્ય રહે. ઉઘરાણીની ચિંતા સતાવે આરોગ્ય સામાન્ય રહે. સરકરી કામ, કોર્ટ, કચેરીમાં સામાન્ય રહે. સંતાનોના કામમાં મિત્રોની મદદ મળે. ટેકનોલોજીનો લાભ મળે. ઉંમરલાયકના વિવાહ થાય. વિદેશના કામ ધીમા પડે. વિદ્યાર્થીઓની મહેનત રંગ લાવે. મકાનની યોજના પાર પડે. સરકારી નોકરીની તક મળે. નવા ફેરફારથી રાહત થાય. વારસા જાયદાદ જમીન જેવા કામ ધીમા પડશે. યાત્રા-પ્રવાસ ધર્મ-કર્મથી શાંતિ મળે. જૂન-જુલાઇ, સોમ-ગુરુવાર 7, 16, 25 તારીખે નવા કામ કરતા રહેવું. ઓગસ્ટ, સપ્ટેમ્બર બુધ-શુક્રવાર 05, 14, 23 તારીખે નવા કામ કરવા નહી. તા. 05, 14, 23 તારીખ ટાળવી. લાલ રંગનો ઉપયોગ ઓછો કરવો.


### વેસ્ટર્ન રેલવે વિવિધ સ્થળો વચ્ચે અનરિઝર્વ્ડ સ્પેશિયલ ટ્રેનો દોડાવશે

| ટ્રેન નં. | પ્રારંભિક સ્ટેશન અને ગંતવ્ય | સેવાની તારીખ | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| 09003 | ઉધના - જયનગર | 26.04.2026 | 0:30 કલાકે (રવિવાર) | 20.00 કલાકે (બીજા દિવસે) |
| 09004 | જયનગર - ઉધના | 27.04.2026 | 23:00 કલાકે (સોમવાર) | 16:30 કલાકે (બુધવાર) |
| રોકાણ (Halts): ભરૂચ, વડોદરા, રતલામ, ઉજ્જૈન, સંત હિરદારામ નગર, બીના, વીરાંગના લક્ષ્મીબાઈ ઝાંસી, ગોવિંદપુરી, ફતેહપુર, પ્રયાગરાજ જં., પં. દીન દયાળ ઉપાધ્યાય, બક્સર, આરા, પાટલિપુત્ર, સોનપુર, હાજીપુર, મુઝફ્ફરપુર, સમસ્તીપુર, દરભંગા, સકરી અને મધુબની સ્ટેશનો પર બંને દિશામાં. | | | | |
| કોચનું માળખું: જનરલ સેકન્ડ ક્લાસ કોચ. | | | | |
| 09007 | ઉધના - દાનાપુર | 26.04.2026 | 01:30 કલાકે (રવિવાર) | 12:00 કલાકે (બીજા દિવસે) |
| 09008 | દાનાપુર - ઉધના | 27.04.2026 | 15:00 કલાકે (સોમવાર) | 01:15 કલાકે (બુધવાર) |
| રોકાણ (Halts): ભરૂચ, વડોદરા, રતલામ, ઉજ્જૈન, સંત હિરદારામ નગર, બીના, વીરાંગના લક્ષ્મીબાઈ ઝાંસી, ગોવિંદપુરી, ફતેહપુર, પ્રયાગરાજ જં., પં. દીન દયાળ ઉપાધ્યાય, બક્સર અને આરા સ્ટેશનો પર બંને દિશામાં. | | | | |
| કોચનું માળખું : જનરલ સેકન્ડ ક્લાસ કોચ. | | | | |
| 09021 | ઉધના - દાનાપુર | 26.04.2026 | 14:30 કલાકે (રવિવાર) | 01:00 કલાકે (મંગળવાર) |
| 09022 | દાનાપુર - ઉધના | 27.04.2026 | 04:00 કલાકે (સોમવાર) | 14:15 કલાકે (બીજા દિવસે) |
| રોકાણ (Halts): સુરત, ભરૂચ, વડોદરા, રતલામ, ઉજ્જૈન, સંત હિરદારામ નગર, બીના, વીરાંગના લક્ષ્મીબાઈ ઝાંસી, ગોવિંદપુરી, ફતેહપુર, પ્રયાગરાજ જં., પં. દીન દયાળ ઉપાધ્યાય, બક્સર અને આરા સ્ટેશનો પર બંને દિશામાં. | | | | |
| કોચનું માળખું : જનરલ સેકન્ડ ક્લાસ કોચ. | | | | |

ઉપરોક્ત તમામ ટ્રેનો સ્પેશિયલ ભાડા પર સ્પેશિયલ અનરિઝર્વ્ડ ટ્રેન તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઇક અને ફોલો કરો
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

"લાંબી લાઇનો ટાળવા અને ડિસ્કાઉન્ટ મેળવવા માટે RAILONE એપ પર અનરિઝર્વ્ડ ટિકિટ ખરીદો!"